દાખલ તારીખ : ૩૦/૧૧/૨૦૦૭.
ફેસલ તારીખ : ૩૧/૧૨/૨૦૧૯.
સમયગાળો : વર્ષ માસ દિવસ

**કરજણના મહેરબાન એડીશ્નલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. કરજણ.**

**રે.મુ.નં. ૯૯/૨૦૦૭.**
**આંક–**

| વાદી | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ૧) મૈયત રતીલાલ હીરાભાઈ પરમારના વારસો | –– | –– | –– |
| ૧/૧) કનુબેન તે રતીલાલ હીરાભાઈની વિધવા | પુખ્ત | ઘરકામ/ ખેતી | '' |
| ૧/૨) મહેશભાઈ રતીલાલ પરમાર | પુખ્ત | નોકરી/ ખેતી | '' |
| ૧/૩) દક્ષાબેન રતીલાલ પરમાર | પુખ્ત | ઘરકામ | '' |
| ૧/૪) જયાબેન રતીલાલ પરમાર | પુખ્ત | ઘરકામ | '' |
| ૨.) મૈયત પ્રભાતભાઈ હીરાભાઈ પરમારના વારસો | –– | –– | –– |
| ૨/૧) મધુબેન તે પ્રભાતભાઈ હીરાભાઈ પરમારની વિધવા. | પુખ્ત | ઘરકામ | '' |
| ૨/૨) મહેન્દ્રભાઈ પ્રભાતભાઈ પરમાર | પુખ્ત | નોકરી/ ખેતી | '' |
| ૨/૩) હરીશભાઈ પ્રભાતભાઈ પરમાર | પુખ્ત | નોકરી/ ખેતી | '' |
| ૨/૪) પ્રફુલભાઈ પ્રભાતભાઈ પરમાર | પુખ્ત | નોકરી/ ખેતી | તમામ રહે. સાંસરોદ, તા.કરજણ,જી.વડોદરા. |

**વિરુધ્ધ.**

| પ્રતિવાદીઓ. | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ૧.દિનાબેન ઝવેરભાઈ પરમાર | પુખ્ત | ઘરકામ | રહે. નંદેલાવ, તા.જી.ભરુચ. |

| | | | |
|---|---|---|---|
| ૨) ઉસ્માન મુસા લાખા બહોરા–પટેલ | પુખ્ત | ખેતી | રહે. સાંસરોદ, તા.કરજણ, જી.વડોદરા. |

દાવો : રૂા.૧૧,૦૦૦/– નાં આંકથી તા. ૨૭/૧/૨૦૦૫ના રોજ પ્રતિવાદી નં. ૧ નાએ, પ્રતિવાદી નં. ૨ ને કરી આપેલ દસ્તાવેજ રદ કરવા બાબતે, જાહેરાતની તથા જાથુના મનાઈનો.

---

વાદી તરફે વિ.વ.શ્રી ડી.ડી.પરમાર
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી આર.એમ.શાહ

---

## ચૂકા દો

(૧) સદરહું વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે સાંસરોદ, તા.કરજણ, જી.વડોદરાના ગામઠાણમાં આવેલુ પડતર ખુલ્લુ ગભાણ, નંગ –૧ જેનો ગામ નમુના નંબર ૨ ના પત્રક અનુક્રમે નંબર ૧૦૬ થી આવેલ. જેનો ચો.મી. ૮૯.૦૦ છે. જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વ : ડાહ્યાભાઈ માસ્તરનું ઘર

પશ્ચિમે : શેરી છે.

ઉત્તરે : ચોક ચાલી છે.

દક્ષિણે : ઝવેરભાઈ કાભઈભાઈનું ઘર છે.

દાવા અરજીના પેરા નં. ૧ માં જણાવેલ ગભાણ પ્રતિવાદી નં. ૧ દિનાબેન ઝવેરભાઈ પરમારની માલીકીનું નથી તેમજ કબજો ભોગવટો પણ પ્રતિવાદી નં. ૧ નો નથી. તેમજ દાવાઅરજીના પેરા નં. ૧ માં જણાવેલ ગભાણ ઉપર પ્રતિવાદી નં. ૧ નો કોઈ હકક, અધિકાર, લાભ નથી. દાવાઅરજીના પેરા નં. ૧ માં જણાવેલ ગભાણને હવે પછી દાવાવાળુ ગભાણ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. આ દાવાવાળું ગભાણ નં. પ્રતિવાદી નં. ૧ નાને, પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ કરવાનો હકક કે અધિકાર નથી. આ ગભાણના મુળ માલીક હીરાભાઈ અમથાભાઈ પરમાર તથા ગંગાબેન તે હીરાભાઈ અમથાભાઈ પરમારની ઔરતની માલીકીનું છે. આ દાવાવાળુ ગભાણ હીરાભાઈ અમથાભાઈ તથા ગંગાબેન સ્વપાર્જીત મહેનત મજુરી કરીને મેળવેલ છે. આ દાવાવાળુ મકાન હીરાભાઈ અમથાભાઈનું વડીલોપાર્જીત મીલકત નથી. આ દાવાવાળુ ગભાણની માલીકી દિનાબેન ઝવેરભાઈની નથી. તેમને કોઈ હકક કે અધિકાર ન હોવા છતાંય આ દાવાવાળુ ગભાણ તા.૨૭/૧/૨૦૦૫ના રોજ

રૂા. ૧૧,૦૦૦/– માં પ્રતિવાદી નં. ૧ નાએ, પ્રતિવાદી નં. ૨ ને ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. પ્રતિવાદી નં. ૧ ના આ કામના પ્રતિવાદી નં. ૧ ને, પ્રતિવાદી નં. ૨ નાને આ દાવાવાળુ ગભાણનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો કોઈ હકક કે અધિકાર નથી. પ્રતિવાદી નં. ૧ આ દાવાવાળા ગભાણના માલીક નથી. આ દાવાવાળા ગભાણના મુળમાલીક હીરા અમથાભાઈ તથા ગંગાબેન છે. તા. ૧૫/૧/૧૯૭૪ ના હીરાભાઈ અમથાભાઈ પરમારના વીલમાં આ દાવાવાળુ ગભાણના માલીક તરીકે દિનાબેન ઝવેરભાઈને બતાવેલ નથી. તા. ૧૫/૧/૧૯૭૪ ના રોજના વીલના આધારે હીરાભાઈ અમથાભાઈ પરમારને વલણ, તા. કરજણ, જી.વડોદરાની જમીન સર્વે નંબર ૧૫૫૩/૧, ૧૫૫૩/૨, ૧૫૬૩ તથા ૧૫૫૨/૨ તથા મોજે સાંસરોદ, તા.કરજણ ના ગામના ગામઠાણમાનું ગભાણ નંગ –૧ તથા મોજે વલણ, તા.કરજણ, ગામની સીમની તમામ જમીન તેઓની હયાતી હોઈ સુધી તેઓની મરજી પ્રમાણે માલીકીપણે ઉપભોગ યાને ઉપયોગ કરવા તેઓ સ્વતંત્ર માલીક મુખત્યાર છે. તેઓની હયાતી બાદ સદર મીલકતની વારસ તેઓની સ્ત્રી ગંગાબેન તે હીરાભાઈ અમથાભાઈની સધવા સ્ત્રીને ઠરાવે છે અને તેમની હયાતી બાદ સદર ગભાણ નં. ૧ તથા મોજે વલણની સીમની જમીન તેઓની બહેન જડાબેન અમથાભાઈના ભાણા (૧) રતીલાલ હીરાભાઈ તથા (૨) પ્રભાતભાઈ હીરાભાઈ જાતે પરમાર ધંધો ખેતી, ઉ.વ. અનુક્રમે ૨૬, ૨૩ ને તેઓની સ્ત્રી ગંગાબેનની હયાતી બાદ સરખે હીસ્સે વહેંચણી લેવા ઠરાવે છે. તા. ૧૫/૧/૧૯૭૪ ના રોજના રજીસ્ટર્ડ વીલથી હીરાભાઈ અમથાભાઈ પરમારે ઉપરોકત ગભાણ નંગ –૧ વાદીઓ નં.૧–૨ ને પ્રાપ્ત થયેલ છે. આ દાવાવાળુ ગભાણ દીનાબેનને વેચાણ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. જેથી તા.૨૭/૧/૨૦૦૫ ના રોજ પ્રતિવાદી નં.૧ નાએ, પ્રતિવાદી નં. ૨ ને ઉપરોકત દાવાવાળુ ગભાણ નં. ૧ ને વેચાણ કરવાનો કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી અને તેથી તા.૨૭/૧/૨૦૦૫ ના રોજ કેસ આપેલો પ્રતિવાદી નં. ૧ નામે, પ્રતિવાદી નં. ૨ ને વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર છે તે જાહેરાત કરવા માટેનો આ દાવો કર્યો છે.

આ દાવાવાળો ગભાણ–૧ હાલમાં વાદીઓના કબજા ભોગવટામાં છે. આ દાવાવાળો ગભાણ–૧ પ્રતિવાદી નં.૧ ના કબજા ભોગવટામા કોઈ દિવસ હતો નહી અને કબજા ભોગવટો વાદીઓનો છે. જેથી આ દાવાવાળા ગભાણના કબજા ભોગવટામાં પ્રતિવાદી નં. ૧–૨ નાએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી તેવો જાતનો મનાઈ હુકમ મેળવવા માટે પણ આ દાવો કર્યો છે.

દાવાનું કારણ તા.૨૭/૧/૨૦૦૫ ના રોજ આ કામના પ્રતિવાદી નં. ૧ નાને, પ્રતિવાદી નં. ૨

નાને, દાવાવાળુ ગભાણ નંગ –૧ નો રૂા. ૧૧૦૦૦/– માં કરી આપેલો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર છે અને અધિકાર વગરનો છે જેથી આ દાવો નામદાર સાહેબની કોર્ટની હકુમતમાં તા.૨૭/૧/૦૫ ના રોજ ઉત્પન્ન થયુ છે. આ દાવો સમય મર્યાદામાં છે. આ દાવો રૂા.૧૧,૦૦૦/– નાં આંકથી તથા રૂા. ૩૦૦/– જાહેરાત તથા જાતુનો મનાઈ હુકમ મેળવવા માટે કરેલ હોય, રૂા. ૧ ૨૫૦/– તથા ૧૦૦/– મળી કુલ્લે રૂા. ૧૩૫૦/– ના કોર્ટ ફીઝ સ્ટેમ્પ ઉપર આ દાવો કર્યો છે. હાલના કામે વાદીએ નીચે મુજબની દાદ માંગેલ છે.

- મોજે સાંસરોદ, તા.કરજણ, જી.વડોદરાના ગામના ગામઠાણમા પડતર ખુલ્લુ ગભાણ નં.૧, જેનો ગામનો નમુનો નં. ૨ ના પત્રકે અનુક્રમ નં. ૧૦૬ થી ચાલે છે. જેનો ચો.મી. ૮૯.૦૦ છે તે ગભાણ પ્રતિવાદી નં.૧ દીનાબેન ઝવેરભાઈ પરમાર નાને તા.૨૭/૧/૦૫ ના રોજ રૂા.૧૧ ,૦૦૦/– માં પ્રતિવાદી નં. ૨ ને સબ રજીસ્ટાર કરજણ સમક્ષ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તે તદ્દન ગેરકાયદેસર, અધિકાર વગરનો માલીકી વગરનો તથા કબજા ભોગવટા વગરનો છે. આ દસ્તાવેજ કરવાનો પ્રતિવાદી નં. ૧ ને કોઈ હકક કે અધિકાર નથી અને વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવો અને જાહેરાતનું હુકમનામું વાદીઓની તરફેણમાં કરી આપો.
- આ દાવાવાળા ગભાણમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ નો કોઈ કબજો ભોગવટો નથી અને વાદીઓનો કબજો ભોગવટો હોઈ, આ દાવાવાળા ગભાણમાં પ્રતિવાદીઓ, વાદીઓના કબજા ભોગવટામાં દખલગીરી કરે કરાવે નહી અને પ્રવેશ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈહુકમ પ્રતિવાદીઓની વિરૂધ્ધ ફરમાવા અરજ કરેલ છે.

(૨) સદરહું દાવાનો સમન્સ અને નોટીસ બજી જતા પ્રતિવાદી નં.૧ તરફે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ અને આંક–૧૩ થી જવાબ રજુ કરી દાવા અરજીની પેરા નં. ૧ ની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને સાચી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ હીરાભાઈ અમથાભાઈના સીધી લીટીના વારસદાર છે. જયારે વાદીઓ હીરાભાઈ અમથાભાઈના કોઈ સીધી લીટીના વારસદારો નથી. દાવા અરજીમાં જણાવેલ ગભાણ સક્ષમ અધિકારી રેવન્યુ એ છેવટના હુકમમાં મહે. કલેકટર સાહેબે માલીક ઠરાવેલ છે. જેની નોંધ તેઓના નામની દાખલ થયેલ છે અને તે માલીકી હકકના આધારે તેઓએ વેચાણ કરેલ છે. જયારે હાલના વાદીઓને કોઈ વીલના આધારે અથવા દસ્તાવેજના આધારે અથવા વારસાઈના સર્ટીફીકેટના આધારે માલીકી જાહેર કરેલા નથી. વાદીઓને પ્રથમ આ દાવો કરવાનો અધિકાર રહેતો નથી. દાવાઅરજીમાં જણાવેલ ગભાણ હીરાભાઈ અમથાભાઈની વડીલોપાર્જીત મિલકત છે. પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ વાદીએ આ હકીકત સાબિત કરવાની

જરૂર છે. પ્રતિવાદીઓને આ ગભાણ વેચવાનો રેવન્યુ રેકર્ડના આધારે તથા હીરાભાઈ અમથાભાઈના સીધી લીટીના વારસદાર તરીકે તેઓને બતાવેલ હોય જેથી તેઓએ સદર ગભાણ વેચેલ છે. પ્રતિવાદી નં. ૧ એ પેરા–૨ માં જણાવે છે કે, તા.૨૭/૧/૦૫ નો દસ્તાવેજ પુરાવા કાયદાની કલમ–૭૪ હેઠળ જાહેર દસ્તાવેજની વ્યાખ્યામાં આવી જાય છે અને આ દસ્તાવેજ ખુદ પુરાવો છે. જેથી આ દસ્તાવેજ રદ કરાવવો હોય તો પ્રથમ સી.પી.સી.ની કલમ–૮૦ હેઠળ સરકારશ્રીને કાયદેસરની નોટીસ આપવી પડે છે.અને ત્યારબાદ સક્ષમ કોર્ટ સીનીયર ડીવીઝનની કોર્ટમાં આ દાવો દાખલ થઈ શકે છે. જે પ્રાથમિક જોગવાઈઓનો વાદી ભંગ કરે છે. જેથી આ દાવો તથા મનાઈ અરજી ના.કોર્ટને સાંભળવાની હકુમત રહેતી નથી. પેરા નં. ૩ માં પ્રતિવાદી નં.૧ એ તેમની સત્ય હકીકતો જણાવે છે કે, તા.૧૫/૧/૭૪ નું વીલ વાદીએ સંપૂર્ણ રીતે વંચાણે લીધેલ નથી. ત્યારબાદ ગંગાબેને જે ગેરકાયદેસર વીલ કરેલ છે. તે રદ જાહેર કરવાનો દાવો કરેલ નથી. તેવી હકીકત દાવાઅરજીમા જણાવેલ નથી. વાદી સાચી હકીકત છુપાવીને ના.કોર્ટ રૂબરૂ આવેલા હોય જેથી કોઈ દાદ વાદીને મળી શકે નહી. પેરા નં. ૪માં સાચી હકીકતો આ મુજબ જણાવી છે કે,મહે. કલેકટર સાહેબે તેઓની વિવાદ અરજી નામંજુર કરેલી છે. મહે. નાયબ કલેકટર સાહેબે, હાલના વાદીના પિતા રતિલાલ તથા પ્રભાતહીરાએ નોંધ નં. ૨૮૯૫ થી વારસ નહી હોવા છતા વારસ બનવા ગંગાબેનના પુત્રો તરીકે ઉપજાવી કાઢેલી નોંધ દાખલ કરી હતી. જે નોંધ રદ જાહેર કરેલ છે અને હુકમોમાં આ હકીકત જણાવેલી છે. તે હકીકત સ્પષ્ટ દર્શાવે છે કે, વાદીઓ હીરાભાઈ અમથાભાઈના સીધી લીટીના વારસદારો છે અને વારસાઈ હકકે તેઓ માલીક બનેલા છે અને તેવા વારસાઈ હકકથી વેચાણ કરેલુ છે. પ્રતિવાદીએ પેરા નં. ૫ માં ખરી હકીકત જણાવી છે કે, દાવાઅરજીમા જણાવ્યા મુજબ કહેવાતુ ગભાણ દસ્તાવેજ તા.૨૭/૧/૦૫ રોજ થયેલ છે. ત્યારબાદ આ હકીકત વાદીઓને જાણમાં હતી ત્યારબાદ વાદીઓ રે.મુ. નં. ૯૪/૦૬ થી કરજણ કોર્ટમાં દાવો ચાલુ છે. તે દાવો વડોદરા સીનીયર ડીવીઝન કોર્ટમાં કરેલો હતો. તે સમયે પણ તેઓની જાણમાં હકીકત હતી. મહે.કલેકટર સાહેબ પાસે અપીલ દાખલ કરી હતી. તેમાં પણ તેઓ હાજર રહેલા હતા. જે સ્પષ્ટ દર્શાવે છે કે, આ દસ્તાવેજની હકીકત તેઓ ત્રણ વર્ષ પહેલાથી જાણમાં હતી. તેમ છતા ઈરાદા પૂર્વક બજારમાં કિંમત ઉંચી જવાથી ત્રણ વર્ષ બાદ આ દાવો દાખલ કરેલ છે. જેથી આ દાવો મનાઈ અરજી કરવાનુ કારણ શંકાસ્પદ છે જેથી પણ હાલનો દાવો ટકી શકે નહી. પેરા નં. ૬ પ્રતિવાદી નં. ૧ એ ખરી હકીકત જણાવી છે કે, વાદીઓને પ્રથમ દાવાઅરજીમા જણાવેલ ગભાણ તેઓને કાયદેસર રીતે મળેલ છે. તે સાબિત કરવાની જવાબદારી વાદીની છે. દાવાવાળુ ગભાણ હાલમાં વેચાણ કરી દીધા બાદ પ્રતિવાદી નં. ૨ પાસે તેનો કબજો અને ભોગવટો છે અને તે પહેલા

કાયદેસરનો કબજો ભોગવટો પ્રતિવાદીનો હતો અને તેનું કીરાયુ પણ તેઓ ભરતા આવેલા છે. રેવન્યુ અધિકારીએ તેમના કાયદેસરના કબજાને સમર્થન કરેલ છે. તેમજ વાદી એ રેવન્યુ રેકર્ડથી વિરુધ્ધ હકીકત રજુ કરી હકીકત જણાવી છે જે સંજોગોમાં વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા મહેરબાની કરશોજી.

(૩) સદરહું દાવાનો સમન્સ અને નોટીસ બજી જતા પ્રતિવાદી નં.ર તરફે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ અને આંક-૩૫ થી જવાબ રજુ કરી દાવા અરજીની સ્પષ્ટ પણે સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે પેરા-૯ માં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ નાઓ પાસેથી તા.૨૭/૧/૨૦૦૫ ના રોજ મોજે કરજણ સબ રજીસ્ટ્રાર, કરજણ નાઓ સમક્ષ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મોજે સાંસરોદ, તા.કરજણ, જી.વડોદરાના ગામના ગામઠાણમા આવેલ પ્રતિવાદી નં. ૧ ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને પ્રતિવાદી નં. ૧ ના નામે ચાલતુ પડતર ખુલ્લુ ગભાણ નંગ-૧ જેનો ગામ નમુનો નં. ૨ ના પત્રકે અનું નં. ૧૦૬ થી ચાલે છે. જેના ચો.મી. ૮૯.૦૦ છે. જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વ : ડાહ્યાભાઈ માસ્તરનું ઘર છે.

પશ્ચિમ : શેરી છે.

ઉત્તરે : ચોકચાલ છે.

દક્ષિણે : ઝવેરભાઈ કાભઈભાઈનું ઘર છે.

ઉપરોકત ચર્તુ:સીમા મિલકતનો પ્રતિવાદી નં. ૧ નાઓએ પ્રત્યક્ષ કબજો સોંપી વેચાણ આપેલ છે અને તા. ૨૭/૧/૨૦૦૫ થી પ્રતિવાદી નં. ૨ નો કબજો ભોગવટો સદરહું મિલકત ઉપર આજદિન સુધી રહેતો આવેલો છે.

સદરહું મિલકત મોજે સાંસરોદ, તા.કરજણ મુકામે આવેલી છે અને સાંસરોદ ગ્રામ પંચાયત દફતરે તા.૯/૬/૨૦૦૮ થી ઠરાવ નં. ૧૭ થી અનુક્રમ નં. ૧૫૦૯ પરમાર ફળીયામાં આવેલ ગભાણ જેનો મિલકત નં. ૧/૧૮૧/૧ પ્રતિવાદી નં. ૨ ના નામે થયેલ છે. જેના કરની આકરેલી રકમ પણ પ્ર તિવાદી નં. ૨ નાઓએ ભરી છે તેમજ તેમને લાગતા તમામ સરકારી વેરા પણ પ્રતિવાદી નં. ૨ ભરી છે. આમ, પ્રતિવાદી નં. ૨ સદરહું મિલકતના કાયદેસરના માલીક, કબજેદાર અને ભોગવટો કરનાર ઈસમ છે. આ કામના વાદી અને પ્રતિવાદી વચ્ચે છેલ્લા ઘણા લાંબા સમયથી વારસાઈ બાબતે તકરારો થતી હોય તેવું તેઓને આ દાવા થી માલુમ પડેલ છે. જેથી વાદીઓએ પ્રતિવાદી નં. ૧ ને હેરાન કરવા માટે તેમજ પ્રતિવાદી નં. ૨ નાને હેરાન કરવા માટે ખોટી રીતે દાવો કરેલો છે. પ્રતિવાદી નં. ૧ નાઓ પ્ર

તિવાદી નં. ૨ નાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તા.૨૭/૧/૨૦૦૫ ના રોજ કાયદેસરનો સ્ટેમ્પ ડયુટી ભરીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેમાં આજદિન સુધી આ કામના વાદીઓએ સાંસરોદ ગ્રામ પંચાયત તેમજ બીજી અન્ય કોઈ રેવન્યુ ઓફીસમાં કોઈપણ પ્રકારની અરજ સદરહુ મિલકત વિરુધ્ધ ગુજારેલ નથી. પ્રતિવાદી નં. ૨ નાઓએ સદરહુ મિલકત પેટે પ્રતિવાદી નં. ૧ નાઓને જે તે વખતની ગેરકાયદેસરનો કબજો કરેલો નથી. પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ નાઓ પાસેથી કાયદેસર રીતે સદરહુ ગભાણના પ્રતિવાદી નં. ૧ માલીક હોવાના નાતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી કાયદેસર રીતે માલીક બનેલા છે અને પ્રતિવાદી નં. ૨ નો કબજો ભોગવટો સદરહુ મિલકત ઉપર છે.

જો આ કામના વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં. ૨ ને નાણાંની ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે તેમજ પ્રતિવાદી નં.૨ નાઓ સદર જગ્યાનો વાપર ઉપયોગ ઉપભોગ કાયદેસર રીતે કરી શકે તેમાં ખલેલ પહોંચે તેમ છે. તેમજ તેઓના અધિકારોને નુકશાન થાય તેમ છે. જેથી પણ આ કામના વાદીનો દાવો તથા મનાઈ અરજ રદ થવાને પાત્ર છે. વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. વાદીએ હાલનો દાવો દાખલ કરી પ્ર તિવાદીઓને તથા તેમની પ્રતિષ્ઠાને નાણાંથી પણ ભરપાઈ ના થાય તેવુ નુકશાન કરેલ છે. આમ, ઉપરોકત પ્રતિવાદી નં. ૨ નો લેખિત જવાબ ઘ્યાને લઈ વાદીનો દાવો તથા મનાઈ હુકમ અરજ ખર્ચ સહ નામંજુર કરવા વિનંતી.

(૪) સદરહું દાવાના કામો આંક–૫ ના કામે દાવા સાથે ચલાવવાનો હુકમ થયેલ છે. ત્યારબાદ મારા પુરાગામી ન્યાયધીશ સાહેબશ્રીએ આંક–૬૬ થી નીચે મુજબના મુદાઓ કાઢવામાં આવેલ છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળુ વાદગ્રસ્ત ગભાણ ગુજ. હીરાભાઈ અમથાભાઈ અને ગંગાબેનની સ્વપાર્જીત મિલકત છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, ગુજ. હીરાભાઈએ તા.૧૫/૧/૧૯૭૪ ના રોજ કરેલ વીલની રૂઈએ વાદીઓ દાવાવાળા વાદગ્રસ્ત ગભાણના માલીક અને કબજેદાર બનેલ છે?

(૩) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળા વાદગ્રસ્ત ગભાણ અંગે પ્રતિવાદી નં. ૧ ને કોઈ હકક કે અધિકાર ન હોય તેથી પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં.૨ ની તરફેણમાં કરેલ વેચાણ દસ્તાવેજ બિનઅમલી, ગેરધારાસરનો અને ગેરકાયદેસરનો છે?

(૪) શું પ્રતિવાદી નં. ૧ સાબિત કરે છે કે, તેઓ ગુજ. હીરાભાઈ અમથાભાઈના સીધી લીટીના

વારસદાર છે અને વારસાઈ હકકે તેઓ દાવાવાળા વાદગ્રસ્ત ગભાણના માલીક અને કબજેદાર બનેલ છે?

(૫) શું પ્રતિવાદી નં.૨ સાબિત કરે છે કે, તેઓ વાદગ્રસ્ત ગભાણ પ્રતિવાદી નં. ૧ ની માલીકી કબજા ભોગવટાનું હોય કાયદેસરનો અવેજ ચુકવી વેચાણથી રાખેલ છે અને વાદગ્રસ્ત ગભાણ હાલ તેમના કબજા, ભોગવટામાં છે ?

(૬) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૭) શું હુકમ અને હુકમનામું ?

સદરહું મુદાના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) અંશત: હકારમાં,

(૫) નકારમાં,

(૬) નકારમાં,

(૭) આખરી હુકમ મુજબ.

(૫) હાલના દાવના કામે વાદી–પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો આપવામાં આવેલ છે.

**<u>વાદી તરફે મૌખિક પુરાવો.</u>**

આંક–૭૧ વાદી મહેશભાઈ રતીલાલ પરમારનું સોગંદનામું

**<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવો.</u>**

વાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ નથી.

સદરહું કામ વાદીની આંક–૭૧ ની ઉલટતપાસ ઉપર મુલતવી હતુ પ્રતિવાદી તરફે વાદીની ઉલટતપાસ ન કરતા વાદી તરફે આંક–૭૫ થી પતિવાદીનો વાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા અરજી આપતા તે અરજી મંજુર કરેલી ત્યારબાદ સદરહુ કામે વાદીના વધુ પુરાવા ઉપર ચાલતુ હતુ. ત્યારબાદ આંક–૭૯ થી પ્રતિવાદીએ વાદીની ઉલટતપાસનો હકક ઓપન કરવા માટે અરજી આપતા તે અરજી મંજુર થયેલી પરંતુ તે જ દિવસે વાદીએ આંક–૮૦ થી મુદત રીપોર્ટ આપી તેમની ઉલટતપાસ કરવા માટે મુદતની માંગણી કરેલી. ત્યારબાદ મુદત તા.૨૫/૧૦/૧૯ તથા ૧૮/૧૧/૧૯ વાદીના પુરાવા તથા ઉલટતપાસ માટે કામ મુલતવી હતુ પરંતુ વાદી સતત ગેરહાજર

રહેલા અને કોઈ મુદત રીપોર્ટ પણ આપેલો નહી. ત્યારબાદ પ્રતિવાદીએ આંક–૮૧થી વાદીની ઉલટતપાસ અને પુરાવો બંધ કરવાની અરજી આપતા તે મંજુર થયેલી. આમ, સદરહું કામે વાદીના વધુ પુરાવાનો હકક બંધ થયેલ છે.

**<u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો.</u>**

આંક–૮૩ થી પ્રતિવાદી નં.૧ તરફે દિનાબેન ઝવેરભાઇ પરમાર નાઓનું સોગંદનામું

**<u>પ્રતિવાદી નં.૧ તરફે દસ્તાવેજી પુરાવો.</u>**

(૧) આંક– ૮૭ થી આર.ટી.એસ. એ.નં. ૮/૦૧ ની અસલ સહી સીકકાવાળી નકલ.

(૨) આંક–૮૮ થી આર.ટી.એસ. એ. નં. ૮૪/૨૦૦૩ ની અસલ સહી સીકકાવાળી નકલ.

(૩) આંક–૮૯ થી આર.ટી.એસ. એ. નં. ૧૬/૦૩ ની સહી સીકકાવાળી નકલ.

(૪) આંક–૯૦ થી વારસાઈ પ્રમાણપત્રની સહી સહી સીકકાવાળી નકલ.

(૫) આંક–૯૧ થી નોંધ નં. ૪૧૫૭ ની સહી સીકકાવાળી નકલ.

(૬) આંક–૯૨ થી નિ:સંતાનના દાખલાની સહી સીકકાવાળી નકલ.

(૭) આંક–૯૩ થી મહેસુલ પાવતી સહી સીકકાવાળી નકલ.

(૮) આંક– ૯૪ થી નોંધ નં. ૨૮૯૫ ની સીકકાવાળી નકલ.

(૯) આંક–૯૫ થી વારસદાર નથી તેનો દાખલો.

(૧૦) આંક–૯૬ થી પંચકયાસની નકલ.

ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ પ્રતિવાદી નં. ૧ તરફે આંક– ૯૭ થી કલોઝીંગ પુરશીશ. સદરહું કામ વાદીના પુરાવા અને ત્યારબાદ પ્રતિવાદીના પુરાવા પર હતુ ત્યારથી પ્રતિવાદી નં. ૨ તરફે કોઈ હાજર રહેલ નહી કે કોઈ પ્રોસીડીંગ કરેલ નહી વધુમાં પ્રતિવાદી નં. ૨ એ હાલના કામે પુરાવો રજુ કરવા હાજર રહેલ નથી જેથી તેમની સતત ગેરહાજરીના કારણે પ્રતિવાદી નં. ૨ નો પુરાવાનો હકક બંધ કરેલ છે.

(૬) સદરહું કામે વાદી તરફે વાદી તથા તેમના વિ.વકીલશ્રી ગેરહાજર રહેલા હોય જેથી વાદીનો દલીલનો હકક બંધ થયેલ છે તથા પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી આર.એમ.શાહ નાઓની વિગતવારની મૌખિક દલીલો સાંભળી. પ્રતિવાદી નં.૨ તરફે કોઈ દલીલ નથી.

**<u>પુ રા વો</u>**

**<u>વાદી તરફે મૌખિક પુરાવો</u>**

(૭) વાદી તરફે આંક–૭૧ થી સોગંદ પરનો પુરાવો રજુ કરેલ છે. જેમાં દાવાઅરજીની હકીકતોનું

પુનરાવર્તન કરેલ છે. સદરહુ કામે વાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

**<u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો</u>**

(૮) હાલના કામે આંક–૮૩ થી પ્રતિવાદી નં. ૧ દિનાબેન ઝવેરભાઈ પરમાર નાઓએ પોતાનુ સોગંધનામુ રજુ કરીને તેમના જવાબની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. સદરહુ કામે પ્રતિવાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

**<u>:: કા ર ણો ::</u>**

**મુદદા નં. ૧ થી ૩ અને ૬ એકબીજ સાથે સંકળાયેલા હોય જેથી તેની ચર્ચા એકસાથે કરવામા આવે છે. જે નીચે મુજબ છે.**

(૯) હાલના કામે વાદીનો કેસ છે કે દાવાવાળુ ગભાણ ના મુળ માલિક હીરાભાઈ અમથાભાઈ અને ગંગાબેન હીરાભાઈ છે. તેઓ એ દાવાવાળુ ગભાણ પ્રતિવાદી નં ૧ ને વીલ થી આપેલુ નથી તેમ છતા પ્રતિવાદી નં ૧ એ પ્રતિવાદી નં ૨ ને દાવાવાળુ ગભાણ રજી. વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપી દિધેલ છે જે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર છે તે ઠરાવા હાલનો દાવો કરેલ છે. વધુમાં વાદીનો કેસ છે કે દાવાવાળા ગભાણ ઉપર તેમનો કબજો છે.

હાલના કામે ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે વાદી એ કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તથા વાદી તેમની ઉલટતપાસ કરવા માટે પણ હાજર રહેલ નથી.હાલના કામે વાદી તર્ફે જાહેર કરેલ છે કે દાવાવાળુ ગભાણ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી તા. ૨૭/૧/૨૦૦૫ ના રોજ તિવાદી નં ૧ એ પ્રતિવાદી નં ૨ ને રૂા. ૧૧,૦૦૦/– માં વેચાણ આપેલ છે. આમ આ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો છે તે પુરવાર કરવા વાદી તર્ફે તકરારી વીલ રજુ કરેલ નથી તથા તે અંગે પુરાવો આપેલ નથી.આમ વાદી એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે દાવાવાળુ ગભાણ પ્રતિવાદી નં ૧ એ પ્રતિવાદી નં ૨ ને રજી. વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપી દિધેલ છે તે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર છે. જેથી મુદદા નં ૧ થી ૩ અને ૬ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદદા નં. ૪ની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.**

(૧૦) હાલના કામાં પ્રતિવાદી નં ૧ નો કેસ છે કે ''તેઓ ગુજ. હીરાભાઈ અમથાભાઈના સીધી લીટીના વારસદાર છે અને વારસાઈ હકકે તેઓ દાવાવાળા વાદગ્રસ્ત ગભાણના માલીક અને કબજેદાર હતા. જેથી તેઓએ દાવાવાળુ ગભાણ પ્રતિવાદી નં ૨ ને રજી. વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપી દિધેલ છે અને હાલમાં દાવાવાળા ગભાણ ઉપર પ્રતિવાદી નં ૨ નો કબજો છે.આમ

વેચાણ આપતા પહેલા દાવાવાળા ગભાણ ઉપર પ્રતિવાદી નં ૧ નો કબજો હતો.''

હાલના કામે અગાઉ દાવાવાળા ગભાણ ઉપર પ્રતિવાદી નં ૧ નો કબજો હતો તે દશાવવા માટે પ્રતિવાદી નં ૧ તર્ફે આંક ૮૭ થી ૮૯ અને આંક– ૯૧ થી ૯૬ ના રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. જે ધ્યાને લીધા. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે રેવન્યુ રેકર્ડ એ માલીકીનો પુરાવો નથી. હાલના કામે આંક– ૯૦ થી પ્રતિવાદી નં ૧ એ વારસાઈ પ્રમાણપત્ર રજુ કરેલ છે જે ધ્યાને લેતા પ્રતિવાદી નં ૧ દીનાબેન તે હીરાભાઈ ના વારસદાર હોવાનુ સાબિત થા છે. પ્રતિવાદી નં ૧ નો કેસ છે કે તેઓ વારસાઈ હકકે દાવાવાળા ગભાણના માલીક બનેલા છે. વાદી તર્ફે એ હકીકત સ્વિકૃત છે કે દાવાવાળા ગભાણના મુળ માલીક હીરાભાઈ ઝવેરભાઈ હતા. આમ હીરાભાઈ ના વારસાઈ હકકે દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં ૧ ને મળેલ નથી તેવુ સાબિત કરવા વાદીએ હાલના કામે પ્રતિવાદી નં ૧ ની ઉલટપાસ કરેલ નથી અને વાદી એ પોતાની દાવા ની હકીકત પુરવાર કરવા માટે પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં પ્રતિવાદી નં ૧ ની હકીકત વિરૂધ્ધ ની હકીકત વાદી તર્ફે પુરવાર કરેલ ન હોય જેથી પ્રતિવાદી નં ૧ ની હકીકત અને પુરાવો માનવાને કારણ છે. જેથી મુદદા નં ૪ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.

**(૧૧) મુદદા નં. ૫ ની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.**

હાલના કામે વાદી તર્ફે એ હકીકત જાહેર કરેલ છે કે દાવાવાળુ ગભાણ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી તા. ૨૭/૧/૨૦૦૫ ના રોજ તિવાદી નં ૧ એ પ્રતિવાદી નં ૨ ને રૂા. ૧૧,૦૦૦/– માં વેચાણ આપેલ છે. હાલના કામે પ્રતિવાદી નં ૨ એ કોઈ પુરાવો આપેલ નથી. પરંતુ વાદીએ પણ હાલના કામે દાવાવાળા ગભાણ નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો છે તે પુરવાર કરવા કોઈ પુરાવો આપેલ નથી. જેથી દાવાવાળા ગભાણ નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય જેથી મુદદાનં –૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદદા નં ૭ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

- વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજરોજ તારીખ ૩૧/૧૨/૨૦૧૯ નાં રોજ સદરહું હુકમ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૩૧/૧૨/૨૦૧૯
કરજણ.

(શ્રીમતી ચાંદની યુવરાજસિંહ જાડેજા )
એડીશ્નલ સીવીલ જજ
કરજણ
કોડ નં. જી.જે.૦૧૩૪૫.